# ગરબા રાત્રીના ૨.૩૦ વાગ્યા સુધી ચલાવવા માટે માંગ

**ભાજપ ધારાસભ્ય યોગેશ પટેલે ગરબાનો સમય વધારવા માટેની રજૂઆત કરી : ૯ દિવસ રાત્રીના ૧૨.૦૦ વાગ્યા સુધી લાઉડ સ્પિકર કે પબ્લિક એડ્રેસ સિસ્ટમ લગાડવાની પરવાનગી આપવામાં આવી છે**

વડોદરા,તા.૨૪

નવરાત્રિને હવે ગણતરીના દિવસો જ બાકી છે. ત્યારે સરકારે મોડી રાતે ૧૨ વાગ્યા સુધી લાઉડ સ્પીકર પર ગરબા વગાડવા માટે મંજૂરી આપવામાં આવી છે. ગરબા આયોજકો ૯ દિવસ સુધી રાતે ૧૨ વાગ્યા સુધી લાઉડ સ્પીકર પર ગરબા વગાડી શકશે.

આ મામલે રાજ્ય ગૃહમંત્રીએ ટ્વીટ કરીને આ મામલે જાણકારી આપી છે. ત્યારે હર્ષ સંઘવી સમક્ષ ભાજપના જ ધારાસભ્ય યોગેશ પટેલે ગરબાનો સમય વધારવા માટે માંગ કરી છે. યોગેશ પટેલે ગરબા રાત્રીના ૨.૩૦ વાગ્યા સુધી ચલાવવા માટે માંગ કરી છે. એટલું જ નહીં, વિધર્મીઓને પ્રવેશ ન અપાય તેવી પણ માંગ કરવામાં આવી છે.

વડોદરાના માંજલપુરના ભાજપ ધારાસભ્ય યોગેશ પટેલનું આજે એક નિવેદન ચારેબાજુ ચર્ચાનું વિષય બન્યું છે. યોગેશ પટેલે ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીને ગરબાનો સમય વધારવા માટે રજૂઆત કરી છે. ભાજપ ધારાસભ્ય યોગેશ પટેલે જણાવ્યું હતું કે, નવરાત્રિમાં રાત્રે ૨.૩૦ વાગ્યા સુધી ગરબા રમવાની મંજૂરી આપો. છેલ્લા ૪ કે ૫ દિવસોમાં રાત્રે ૨.૩૦ વાગ્યા સુધી ગરબા રમવાની મંજૂરી મળવી જોઈએ. ગરબા આયોજકોએ યોગેશ પટેલને રજૂઆત કરતાં હર્ષ સંઘવીને રજૂઆત કરી હતી. ગરબામાં વિધર્મીઓની એન્ટ્રીને લઈ પણ યોગેશ પટેલે નિવેદન આપતા જણાવ્યું હતું કે, વડોદરામાં ગરબા આયોજકોએ વિધર્મીઓને પાસ આપ્યા નથી. કોઈપણ ગરબામાં વિધર્મી ન આવે તેવી આયોજકોને સૂચના આપવામાં આવી છે. જો કોઈ વિધર્મીને પાસ મળ્યો હશે તો ગરબા આયોજક સાથે વાત કરીશું. કોંગ્રેસ ૧૨૫ સીટ લાવશે તે મામલે યોગેશ પટેલે નિવેદન આપતા જણાવ્યું હતું કે, કોંગ્રેસ દિવસમાં સપના જુવે છે, દરેકને સપના જોવાના અધિકાર છે. પરંતુ હકીકત અલગ છે. ભાજપની ૧૮૨ સીટો આવશે. આ મામલે હર્ષ સંઘવીએ ટ્વીટ કર્યુ હતુ કે, 'ગુજરાતની સંસ્કૃતિનો મહત્વનો હિસ્સો અને દરેક ગુજરાતીઓનો આત્મા એવા મા દુર્ગાના મહોત્સવ નવરાત્રીમાં પ્રજાજનોના ઉમંગ, ઉત્સાહ, આસ્થા અને લાગણીઓને સર્વોપરિતા આપીને ૯ દિવસ રાત્રીના ૧૨.૦૦ વાગ્યા સુધી લાઉડ સ્પિકર કે પબ્લિક એડ્રેસ સિસ્ટમ લગાડવાની પરવાનગી આપવામાં આવી છે.'

## નેશનલ ગેમ્સમાં હરમીત દેસાઈએ ગોલ્ડ મેડલ જીત્યો

**હર્ષ સંઘવીના હસ્તે મેડલ એનાયત કરાશે**

સુરત ,તા.૨૪

સુરત ખાતે નેશનલ ગેમ્સ ચાલી રહી છે. આ ઈવેન્ટમાં દેશભરમાંથી મોટી સંખ્યામાં ખેલાડીઓ ભાગ લેવા આવ્યા છે. આ દરમિયાન ગુજરાત માટે એક ખુશીના સમાચાર સામે આવ્યા છે. ટેબલ ટેનિસ મેન્સ સિંગલ્સમાં હરમીત દેસાઈની જીત થઈ છે. તમને જણાવી દઈએ હરમીત દેસાઈ સુરતમાં રહે છે. આમ હોમ ગ્રાઉન્ડમાં જ હરમીતે કમાલ કરી બતાવી છે. હરમીતે હરિયાણાના સૌમ્યજીત ઘોષને ૪-૦ થી હરાવ્યો છે. આમ મેન્સ સિંગલ્સમાં હરમીતે ગોલ્ડ



મેડલ મેળવી ગુજરાતનું નામ રોશન કર્યુ છે. નેશનલ ગેમ્સ અંતર્ગત રામાયેલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ પૂર્ણ થઈ છે.



ચોમાસા બાદ આડેધડ રીતે વધી ગયેલા વૃક્ષોનું ટ્રીમીંગ વન વિભાગે શરૂ કર્યુ છે. અડચણરૂપ હોય તેવી ડાળીઓને વન વિભાગે દૂર કરી હતી. ચ અને ઘ રોડ જેવા મુખ્ય માર્ગોની આસપાસના વૃક્ષોનું ટ્રીમીંગ હાલમાં થઈ રહ્યુ છે.

## ગૃહમંત્રી અમિત શાહ દ્વારા વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ

**રાજ્ય કામદાર વીમા યોજનાની ૧૫૦ બેડની અદ્યતન હોસ્પિટલનું નિર્માણનું ખાતમુહૂર્ત**

અમદાવાદ, તા.૨૪

ગુજરાત વિધાસભાની ચૂંટણીની તેજ ગતિવિધિઓ વચ્ચે રાજકીય પક્ષોના આગેવાનો ગુજરાતમાં ધામા નાખી રહ્યા છે. તેવામાં વધુ એક વખત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહનો ગુજરાત પ્રવાસ ગોઠવાયો છે. તેઓ આવતીકાલથી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ વેળાએ તેમના દ્વારા અમદાવાદ, ગાંધીનગરમાં વિવિધ વિકાસ કામોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ કરવામાં આવશે.

આવતીકાલથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ગુજરાત આવી રહ્યા છે. દરમિયાન અમિત શાહના હસ્તે ૨૬ સપ્ટેમ્બરના રોજ વિરોચન નગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવશે. વધુમાં બાવળા ખાતે ઈઁસ્ઝ દ્વાર સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં હાજરી આપશે. તે ઉપરાંત ખારીકટ-ફતેવાડી કેનાલના પિયત વિસ્તારના કાર્યક્રમમાં પણ અમિત શાહ ઉપસ્થિત રહેશે. વધુમાં ૨૭ સપ્ટેમ્બરના રોજ ગાંધીનગરના કલોલ ખાતે આયોજીત એક કાર્યક્રમમાં હાજર રહેશે.

ઉપરાંત રાજ્ય કામદાર વીમા યોજનાની ૧૫૦ બેડની અદ્યતન હોસ્પિટલનું નિર્માણ કરવાનું આયોજન હાથ ધરાયુ છે. જે હોસ્પિટલનું ખાતમુહૂર્ત પણ અમિત શાહ દ્વારા કરવામાં આવશે. તેમજ ૨૭ સપ્ટેમ્બરે વતન માણસાની મુલાકાત લેશે અને નવરાત્રી દરમિયાન સહ પરિવાર માતાની આરતીમાં સામેલ થશે. તે અંગેનો કાર્યક્રમ ગોઠવાયો છે.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ ૨૯મી અને ૩૦મી સપ્ટેમ્બરના રોજ ગુજરાત આવી રહ્યા છે. આ મુલાકાત વેળાએ તેઓ સુરત, ભાવનગર, અમદાવાદ અને અંબાજી ખાતે હાજરી આપશે અને ૩૦મી સપ્ટેમ્બરના રોજ અમદાવાદમાં થલતેજથી વસ્ત્રાલ ગામ સુધીના રૂટ પર મેટ્રો ટ્રેનને લીલીઝંડી આપી પ્રારંભ કરાવશે. બતાવશે. ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહની મુલાકાતને લઈને તંત્ર દ્વારા તડામાર તૈયારી આરંભી દેવામાં આવી છે.

## મનમોહનના સમયે આર્થિક ગતિવિધિઓ અટકી ગઈ હતી

**યુવાનોના આઈડિયાઝ ભારતને ચીનનું એક મજબૂત પ્રતિસ્પર્ધી બનાવે તેવો વિશ્વાસ નારાયણ મૂર્તિએ વ્યક્ત કર્યો**

અમદાવાદ, તા.૨૪

દિગ્ગજ આઈટી કંપની ઈન્ફોસિસના સહ-સંસ્થાપક એન. આર. નારાયણ મૂર્તિએ શુક્રવારના રોજ અમદાવાદ આઈઆઈએમ ખાતે યુવા ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે યુવાનોના આઈડિયાઝ ભારતને ચીનનું એક મજબૂત પ્રતિસ્પર્ધી બનાવી શકે છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

આ સાથે જ તેમણે મનમોહન સિંહ દેશના વડાપ્રધાન હતા તે સમયે ભારતની આર્થિક ગતિવિધિઓ એક રીતે અટકી પડી હતી અને નિર્ણયો નહોતા લેવાઈ રહ્યા તેમ જણાવ્યું હતું. એક સવાલના જવાબમાં નારાયણ મૂર્તિએ જણાવ્યું કે, તેઓ ૨૦૦૮થી ૨૦૧૨ના વર્ષો દરમિયાન લંડનમાં નાણાકીય સેવા આપતી કંપની એચએસબીસીના બોર્ડમાં હતા. તે સમયે શરૂઆતના અમુક વર્ષોમાં જ્યારે બોર્ડરૂમની બેઠકો થતી તેમાં ચીનનો ૨-૩ વખત ઉલ્લેખ થતો ત્યારે ભારતનું નામ માંડ એક વખત લેવામાં આવતું હતું. આ સાથે જ તેમણે કહ્યું હતું કે, 'દુર્ભાગ્યવશ મને નથી ખબર કે પછી શું થયું. (ભારત વિશેની ચર્ચાઓ માટે)'

નારાણય મૂર્તિએ એમ પણ જણાવ્યું કે, મનમોહન સિંહ એક અસાધારણ વ્યક્તિ હતા અને તેમના મનમાં પૂર્વ વડાપ્રધાન માટે અસાધારણ સન્માન છે. પરંતુ યુપીએ શાસન દરમિયાન ભારત અટકી પડ્યું હતું અને નિર્ણયો નહોતા લેવાઈ રહ્યા.

નારાણય મૂર્તિના કહેવા પ્રમાણે જ્યારે તેમણે એચએસબીસી છોડી (૨૦૧૨માં) તે સમયે બેઠકોમાં ભાગ્યે જ ભારતનું નામ લેવામાં આવતું હતું. જ્યારે ચીનનું નામ લગભગ ૩૦ વખત લેવાયું હતું.

નારાયણ મૂર્તિએ આજે સમગ્ર વિશ્વમાં ભારત માટે સન્માનનો ભાવ છે અને ભારત હવે વિશ્વનું પમું સૌથી મોટું અર્થતંત્ર બની ગયું છે તેવો પણ ઉલ્લેખ કર્યો હતો.

## શાળાની આસપાસ લમ્પીથી મૃત્યુ થનાર પશુઓના ઢગલા ખડકાતા ભારે વિરોધ

**અરવલ્લીના મેઘરજમાં વિદ્યાર્થીઓએ શિક્ષણનો બહિષ્કાર કર્યો : મૃત પશુઓ માટે અન્ય જગ્યા ન ફાળવાય ત્યાં સુધી શિક્ષણ બહિષ્કારની ચીમકી**

મોડાસા ,તા.૨૪

અરવલ્લીના મેઘરજના પિશાલ ગામમાં તમામ શૈક્ષણિક સંસ્થામાં શિક્ષણનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. ગામની પ્રા.શાળા, હાઈસ્કૂલ અને આંગણવાડીના વિદ્યાર્થીઓએ શિક્ષણ

બહિષ્કાર કર્યો છે. જોકે તેની પાછળનું ચોંકાવનારુ કારણ જાણીને ચોંકી જશો. કારણ કે, અહીં શાળાની આસપાસ મૃત પશુઓના ઢગલા ખડકી દેવાયા છે. જેના લીધે લમ્પીથી મૃત્યુ પામનાર મૃત પશુઓના મૃતદેહમાંથી ભયંકર દુર્ગંધ આવતા લોકો આનો ઉગ્ર વિરોધ કરી રહ્યાં છે. આથી, ગામની તમામ શૈક્ષણિક સંસ્થા દ્વારા શિક્ષણનો બહિષ્કાર કરવામાં આવ્યો છે. તમામ સંસ્થાઓના ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણનો બહિષ્કાર કરાયો. જ્યાં સુધી મૃત પશુઓ માટે અન્ય જગ્યા ન ફાળવાય ત્યાં સુધી શિક્ષણના બહિષ્કારની આ લોકોએ ચીમકી આપી છે.

લમ્પી વાયરસને લઈ અમદાવાદ પશુપાલન તંત્રએ પશોઓનું રસીકરણ પુર્ણ કર્યુ. સમગ્ર જિલ્લામાં ૪૩ હજાર પશુઓનું રસીકરણ કરવામાં આવ્યુ. વિરમગામમાં ૧૧ હજાર ૬૭૧, દસક્રોઈમાં ૬ હજારથી વધુ તેમજ અમદાવાદ શહેરમાં ૪ હજારથી વધુ ગાયોને રસી આપવામાં આવી. એક માસ અગાઉ વિરમગામમાં લમ્પી વાયરસનો એક કેસ નોંધાતા પશુપાલન વિભાગે રસીકરણ અભીયાન તેજ બનાવ્યું હતું. હાલ અમદાવાદ જિલ્લામાં લમ્પી વાયરસ સંપૂર્ણ કંટ્રોલમાં આવી ગયો હોવાનો દાવો થઈ રાજ્યો છે.

પશુપાલકોને તકેદારી સાથે સતર્ક રહેવા અંગે અપીલ કરતાં જણાવ્યું હતું કે, જો કોઈ પશુઓમાં આ રોગના લક્ષણો જણાય તો પશુપાલકોએ એનિમલ હેલ્પલાઈન નં. ૧૯૬૨ પર ફોન કરવો તથા નજીકના સરકારી પશુ દવાખાનાનો સંપર્ક કરવો, જેથી સમયસર સારવાર અને રસીકરણ કરી અન્ય પશુંઓમાં આ રોગ ફેલાતો અટકાવી શકાય છે અને આ રોગ પર નિયંત્રણ મેળવી શકાય છે.પશુપાલકોએ સ્થાનિક પશુચિકિત્સા અધિકારીના સૂચન મુજબ રોગીષ્ઠ પશુને સૌ પ્રથમ બીજા તંદુરસ્ત પશુઓથી અલગ કરવુ તથા તેના ખોરાક, પાણી અને માવજત અલગથી કરવી, રોગગ્રસ્ત વિસ્તારમાંથી પશુનું સ્થાળાંતર બંધ કરવું, પશુઓના રહેઠાણની જગ્યાએ સ્વચ્છતા રાખવી, પશુ ચિકિત્સા અધિકારીની સલાહ મુજબ યોગ્ય દવાઓ દ્વારા માખી, મચ્છર અને ઈતરડીના ઉપદ્રવનો અટકાવ કરવો, જેથી આ રોગનું સંક્રમણ અટકાવી શકાય.

લમ્પી વાયરસે કહેર વર્તાવતા હવે દૂધ ઉપયોગમાં લેવાય કે નહીં તે અંગે લોકોમાં અનેક સવાલો ઊભા થયા છે. જેના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આવા પશુના દૂધનો ઉપયોગ કરવાથી મનુષ્યમાં લમ્પી વાયરસ ફેલાતો નથી. જોકે દૂધ ઉકાળીને જ ઉપયોગમાં લેવું જોઈએ તેમ નિષ્ણાતોએ જણાવ્યું હતું. સામાન્ય રીતે આપણા ત્યાં બે પ્રકારના દૂધ આવતા હોય છે એક પ્લાસ્ટિકના પાઉચમાં પેક્ડ દૂધ. અને બીજુ પશુપાલકો પાસેથી સીધું ખરીદેલું દૂધ. ડેરીનું દૂધ પેશ્ચુરાઈઝ્ષડ હોય છે. જેથી તેમાં જીવાણુ નાશ પામે છે. પણ છૂટક ખરીદેલું દૂધ સીધું ન પીવું જોઈએ. જેને ફરજિયાત દૂધને ગરમ કરવું અને ત્યાર બાદ જ તેનો ઉપયોગ કરવો જોઈએ.

## કોંગ્રેસની ૧૨૫ સીટો ન આવે તો મને કહેજો : દેસાઈ

**થરાદમાં જાહેરસભા : ભાજપ ૧૫૦ પ્લસના ટાર્ગેટ સાથે તો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ આગળ વધી રહી છે**

બનાસકાંઠા,તા.૨૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો રણટંકાર વાગી રહ્યો છે. ત્યારે ભાજપ ૧૫૦ પ્લસના ટાર્ગેટ સાથે તો કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ શ્રેષ્ઠ પરિણામના વાયદા સાથે આગાળ વધી રહી છે. ચૂંટણીના આગમન પહેલા બેઠકો, જાહેરસસભા, સેન્સ પ્રક્રિયા, આગેવાનોના ગુજરાત પ્રવાસનો ધમધમાટ ચાલી રહ્યો છે.

આવી સ્થિતિ વચ્ચે બનાસકાંઠાના થરાદમાં ધારાસભ્ય રઘુ દેસાઈએ ગુજરાતમાં કોંગ્રેસની ૧૨૫ સીટો ન આવે તો મને ધિક્કારજો તેવું મોટું નિવેદન આપતા રાજકીય વર્તુળોમાં ચર્ચા જાગી છે. બનાસકાંઠા જિલ્લાના થરાદ ખાતે કોંગ્રેસ દ્વારા જાહેરસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેળાએ રાધનપુરના ધારાસભ્ય રઘુ દેસાઈએ કોંગ્રેસને આગામી ચૂંટણીમાં ૧૨૫ સીટ મળતી હોવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. વધુમાં ગુજરાતની જનતા પરિવર્ણન ઈચ્છતી હોવાનું પણ જણાવ્યું હતું. હાલ ખેડૂતો, યુવાનો, મહિલાઓ અને વિદ્યાર્થીઓ હેરાન છે તેમ પણ રઘુ દેસાઈએ જણાવ્યું હતું. આ ઉપરાંત સરકાર દ્વારા પાંજરાપોળ અને ગૌશાળા માટે ૫૦૦ કરોડની જાહેરાત કરવામાં આવી છે. જેનો તાત્કાલિક અમલ કરીને રકમની ચુકવણી કરવામા આવે તેવી અંતમાં માંગ ઉઠાવી હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણી સંદર્ભમાં કોંગ્રેસ દ્વારા વિધાનસભા બેઠકો માટે સેન્સ લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા ચૂંટણીને લગતી કામગીરી શરુ કરાઈ છે. કોંગ્રેસના આગેવાનો દ્વારા રાજ્યમાં રાજકોટ, પોરબંદર, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, જામનગર, અરવલ્લી સહિતના વિસ્તારોમાં ઉમેદવારો માટે સેન્સ લેવામાં આવી રહ્યા છે અને ટિકિટવાંચ્છુકોને સાંભળી કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી છે.

### લોન્ચ કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપકરણો પર હાઈ ક્વોલિટીવાળા લાંબા વીડિયો કે ફિલ્મ ડાઉનલોડ કરી શકાશે. તે એક વર્ગ કિમીમાં આશરે એક લાખ સંચાર ઉપકરણોનું સમર્થન કરશે.

આ સેવા સુપરફાસ્ટ સ્પીડ (૪જી કરતાં આશરે ૧૦ ગણી વધુ ઝડપી) દ્વારા સંપર્કમાં થતા વિલંબને દૂર કરવામાં અને અબજો સંબદ્ધ ઉપકરણોને વાસ્તવિક સમયમાં ડેટા શેર કરવા માટે સક્ષમ બનાવશે. તેના દ્વારા ઉડી હોલોગ્રામ કોલિંગ, મેટાવર્સ અનુભવ અને શૈક્ષિક એપ્લિકેશન્સને નવેસરથી પરિભાષિત કરી શકાશે.

ભારતીય ઉપભોક્તાઓને ટૂંક જ સમયમાં અમુક પસંદગીના શહેરોમાં પજી સેવાઓ મળવા લાગશે અને આગામી ૧૨થી ૧૮ મહિનામાં જ તેનો વ્યાપક પ્રસાર જોવા મળશે.

### ષડયંત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈડીએ એક સમયે કતરમાં રહેનાર શફીક પાયેથ પર દેશમાં અરાજકતા ફેલાવવા માટે વિદેશમાંથી પીએફઆઈના પૈસા ટ્રાન્સફર કરવા માટે ભારતમાં પોતાના એનઆર આઈ ખાતાનો ગેરકાયદેસર ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે. ઈડીના જણાવ્યા અનુસાર, પાયેથના ઠેકાણો પર ગત વર્ષે તેણે રેડ કરી હતી. તેમાં રિયલ એસ્ટેટ વ્યવસાયોમાં રોકાણ અને પીએફઆઈમાં તેમના પૈસાના ડાયવર્ઝનનો ઘટસ્ફોટ થયો હતો. ઈડીના જણાવ્યા મુજબ પીએફઆઈ અને તેની સાથે સંલગ્ન સંસ્થાઓના ખાતામાં છેલ્લા થોડા વર્ષોમાં ૧૨૦ કરોડ રૂપિયાથી વધુ પૈસા જમા થયા છે. ઈડીએ વધુમાં દાવો કર્યો છે કે આ પૈસાનો ઉપયોગ ફેબ્રુઆરી ૨૦૨૦ના દિલ્હીના રમખાણોમાં પણ થયો હતો.

### દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ કંપનીઓને ૬ સપ્તાહની અંદર નિયંત્રણ અહેવાલ દાખલ કરવા માટે પણ કહ્યું હતું.

ગત વર્ષે નવેમ્બર મહિનામાં પણ સીબીઆઈએ ચાઈલ્ડ પોર્નોગ્રાફી સાથે સંકળાયેલા કેસમાં ૧૪ રાજ્યોના ૭૭થી વધારે સ્થળોએ દરોડો પાડ્યો હતો. તેમાં યુપીના જાલૌન, મઉ ઉપરાંત નોએડા અને ગાઝિયાબાદ જેવા મોટા શહેરોને પણ સકંજામાં લેવામાં આવ્યા હતા. તે દરમિયાન સીબીઆઈએ વિભિન્ન શહેરોમાંથી ૭ લોકોની ધરપકડ કરી હતી. ૫૦થી પણ વધારે વ્હોટ્સએપ ગ્રુપ સીબીઆઈની રડારમાં હતા અને તેના દ્વારા ૫,૦૦૦થી પણ વધારે લોકોના નામ સામે આવ્યા હતા જે સોશિયલ મીડિયામાં આ પ્રકારની સામગ્રી શેર કરી રહ્યા હતા. તેના અનુસંધાને જ સીબીઆઈએ તાજેતરમાં દરોડા પાડ્યા છે.

### ૨૫ કલાક

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગેસ ભરેલું ટેક્રર પલ્ટી જતાં અગમચેતીના ભાગરુપે આખાય હાઈવેને ૨૫ કલાક સુધી બંધ કરી દેવાતા જોરદાર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાઈ હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તેના કારણે હાઈવે પર ટ્રકોની લાંબી-લાંબી લાઈનો લાગી ગઈ હતી. નાના વાહનો માટે કેટલીક જગ્યાએ ડાયવર્ઝન પણ આપવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, આ ઘટના જો વીકેન્ડમાં બની હોત તો સ્થિતિ વધુ ખરાબ થાત, કારણકે શનિ-રવિની રજામાં મુંબઈથી મોટા પ્રમાણમાં લોકો બાય રોડ ગોવા જતા હોય છે અને આ હાઈવે પર ટ્રાફિક પણ ખાસ્સો રહે છે.

### પ્રક્રિયા શરૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગેહલોતના જણાવ્યા પ્રમાણે રાહુલે જણાવ્યું કે, આ વખતે ગાંધી પરિવારનો કોઈ વ્યક્તિ અધ્યક્ષ પદની ચૂંટણી નહીં લડશે. આવી સ્થિતિમાં સ્પષ્ટ છે કે, નવા અધ્યક્ષ બિન ગાંધી હશે. 'ભારત જોડો યાત્રા દરમિયાન' કેરળમાં એશોક ગેહલોતે રાહુલ ગાંધી સાથે મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન રાહુલને અધ્યક્ષ પદ માટે ચૂંટણી લડવા માટે મનાવવાનો પ્રયાસ કર્યો હતો પુરંતુ રાહુલ પોતાના સ્ટેન્ડ પર અડગ રહ્યા. ગેહલોતે ટ્વીટ કર્યું કે અનેક વિનંતીઓ છતાં રાહુલ ગાંધીએ સ્પષ્ટ કહ્યું કે, અમે નક્કી કર્યું છે કે, આ વખતે ગાંધી પરિવારની કોઈ વ્યક્તિ ઉમેદવાર નહીં બનશે. તેથી નિશ્ચિત છે કે, તેઓ અધ્યક્ષ પદ માટે ચૂંટણી લડશે. તિરુવંતપુરમથી સાંસદ શશિ થરૂરને કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણી લડવા વિશે સવાલ કરતા તેમણે કહ્યું કે, પાર્ટીના અન્ય મિત્રો પણ ચૂંટણી લડી શકે છે. અન્યના ચૂંટણી લડવાથી તેમને કોઈ આપત્તિ નથી. પરંતુ પરિણામ બાદ આપણે બધાએ બ્લોક, ગામ અને જિલ્લા સ્તર પર મજબૂત બનાવવા માટે સાથે મળીને કામ કરવું જોઈએ અને પાર્ટીની વિચારધારાને આધાર બનાવીને આગળ વધવાનું છે. જેથી કરીને પાર્ટી રાષ્ટ્રીય સ્તરે મજબૂત બનીને ઉભરી આવે.

### પરમાટ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

જ્યારે રસ્તો જડે નહીં ત્યારે માનજો કે ઈશ્વરે આપણાં માટે એવા સંજોગો એટલાં માટે ઘડ્યાં છે કે આપણે પોતાની કેડી જાતે કંડારી શકીએ. અંતરમનને અવાજને સાંભળીને પોતાની વાર્તા જાતે લખી શકીએ કોઈએ લખેલી વાર્તામાં પોતાનું જીવન ઢાળી દેવું એ તો અસહજ અને અપ્રાકૃતિક વિચાર છે. પોતાના સિદ્ધાંતો મુજબ જીવવા ખડક સમાન મુશ્કેલીઓ અને પર્વત જેવી તકલીફ સામે ટક્કર ઝીલવા હંમેશા તૈયાર રહેજો પણ પોતે આકારેલી જિંદગી જ્યારે જીવશો ત્યારે જીવંતતા સોળે કળાએ પ્રતિબિંબિત થતી ભાખી શકશો.

સમાવિષ્ટ તકલીફોનો ભંડાર છે તક
તોય કતિક લઈ વ્યાજ સાથે પાછું આપતો કુબેર છે તક.....
સુપેરે હિંમત અને સાહસની છે શૌર્ય ગાથા....
કડવા ઘૂંટડા પછી મીઠા મધ મધતા સુમિરનનો છે ઈલ્કાબ છે તક....
ઉદાસી શું છે? માત્ર એક પડાવ
પડાવ પાર કરી લેવાની ચાવી છે તક.....

કાંટાળી કેડી પર ચાલનારાજ અથવા તો ચાલવાની હિંમત દાખવી શકનાર જ પોતાની કેડી જાતે કંડારી શકે છે. જ્યારે ચારે બાજુ અંધારું હોય ત્યારે આત્મવિશ્વાસના દીવાથી પોતાના અંતરમનને સતત પ્રકાશ આપતા રહી ઈનટ્યુશનના માધ્યમથી સતત વહેતા રહી શકીએ તો ભયંકર પીડાના સમયમાં પણ ઉદાસી તમને સ્પર્શે પણ નહીં. ઉદાસી ને પોતાના માંથી વહાવતા શીખવું પડે. ઉદાસી એ ઊધઈ જેવી છે તે તમને ભીતર થી કોરી થાય છે માટે યોગ્ય સમયે તેનો ઉકેલ લાવી સ્મિત જોડે તાંતણો સતત જોડાયેલો રહે તે જોવું જરૂરી બને છે. હા આ ખુશી માત્ર બાહરી ન હોય, આંતરિક હોય તેની ચકાસણી સમાયાંતરે કરતાં રહેવું જોઈએ.

## કર્મીઓને ભરખી જનારી અનુપમ રસાયણ કંપનીને એક કરોડનો દંડ

**વીજ-પાણી પુરવઠો પણ કપાયો : ૧૦મી સપ્ટેમ્બરના રોજ અનુપમ કેમિકલ કંપનીના યુનિટ-૬માં એક મેન્યુફેક્ચરિંગ બ્લોકમાં આગ ફાટી નીકળી હતી**

અમદાવાદ,તા.૨૪

સુરતના સચિન ખાતે ૈંઙ્ઘઝમાં આવેલી અનુપમ કેમિકલ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ૧૦મી સપ્ટેમ્બરના રોજ એક ગોઝારી ઘટના બની હતી. આ કેમિકલ કંપનીમાં આગ લાગી હતી જેના કારણે પાંચ લોકોનો જીવ ગયો હતો તેમજ ૧૯ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પાંચ નિર્દોષ કર્મચારીઓનું આ પ્રકારે નિધન થવાને કારણે કંપનીને બંધ કરાવી દેવામાં આવી હતી તેમજ પર્યાવરણને નુકસાન પહોંચાડવા બદલ એક કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે. નોંધનીય છે કે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આ કાર્યવાહી કરવામાં આવી છે. આ સિવાય દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વીજ પુરવઠો પણ બંધ કરી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ૧૦મી સપ્ટેમ્બરના રોજ અનુપમ કેમિકલ કંપનીના યુનિટ-૬માં એક મેન્યુફેક્ચરિંગ બ્લોકમાં આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં પાંચ કર્મચારીઓના મોત થયા હતા અને ૧૯ કર્મચારીઓ ઈજાગ્રસ્ત થયા હતા. પ્રાથમિક કાર્યવાહીમાં સામે આવ્યુ હતું કે આ કર્મચારીઓના મૃત્યુ તેમજ પર્યાવરણના નુકસાન બદલ કંપનીની બેદરકારી જવાબદાર છે. નોંધનીય છે કે કેમિકલનો જથ્થો મોટા પ્રમાણમાં હોવાને કારણે આ ઘટના બની હોવાની જાણકારી સામે આવી છે. ઘટના સમયે જે પ્રકારે ડ્રમ ફાટ્યા હતા તેનાથી અફરાતફરીનો માહોલ જોવા મળ્યો હતો. ય્ઁઝ્રમ્(ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ)ના દક્ષિણ ગુજરાત રિજનલ ઓફિસર જીજ્ઞાબેન આ સમગ્ર બાબતે વાત કરતાં જણાવે છે કે, અનુપમ રસાયણમાં આગ લાગ્યા પછી જે પર્યાવરણને નુકસાન પહોંચ્યું છે તે બદલ નિયમ અનુસાર એક કરોડ રુપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. પોલ્યુશન કંટ્રોલ બોર્ડના પરિમાણો અનુસાર કાયદાકીય રીતે સર્વે કર્યા પછી જ આ દંડની રકમ નક્કી કરવામાં આવી છે. આટલુ જ નહીં, ૧૯ સપ્ટેમ્બરના રોજ કંપનીનો વીજ પુરવઠો પણ કાપી નાખવામાં આવ્યો હતો. સચિન જીઆઈડીસી દ્વારા ૧૭મી સપ્ટેમ્બરથી પાણી પુરવઠો પણ બંધ કરી દેવામાં આવ્યો હતો.

પ્રાપ્ત જાણકારી અનુસાર કંપનીમાં મોટા પ્રમાણમાં કેમિકલનો જથ્થો હોવાને કારણે આગ ઝડપથી પ્રસરી હતી. આ કેમિકલ જ્વલનશીલ હોવાને કારણે આગ પર કાબૂ મેળવવો પણ મુશ્કેલ હતો. જોતજોતામાં આગ પ્રસરી ગઈ હતી. ફાયર વિભાગની ૩૦થી વધારે ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી ગઈ હતી અને અત્યંત જહેમત પછી આગ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧